# ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર કોરોનાથી સંક્રમિત

**મનપાના કમિશનર તરીકે કલેક્ટરને ચાર્જ સોંપવામાં આવ્યો**

**મનપાના અધિકારીઓ, પદાધિકારીઓ પણ ક્વોરોન્ટાઈન થવા લાગ્યા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર ડૉ. રતનકુંવર ચારણ ગઢવીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાને પગલે આજે મનપાના તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

બે દિવસ પૂર્વે જ ડે. મ્યુનિ. કમિશનર દવે તેમજ ૮ અન્ય અધિકારી-કર્મચારીના રિપોર્ટ પોઝીટીવ આવ્યાના અખબારી અહેવાલોની શાહી પણ સુકાઈ નથી ત્યાં આજે કમિશનરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ડૉ. રતનકુંવર ગઢવી ચારણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તેઓ સે. ૧૯ સ્થિત તેમના નિવાસસ્થાને જ રહેશે. ગાંધીનગર કમિશનર તરીકેનો ચાર્જ જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યને સોંપવામાં આવ્યો છે.

ગાંધીનગર તાલુકાના હોટસ્પોટ ગણાતા કુડાસણ ખાતે યોજાયેલ મનપાના ધ્વજવંદન સમારોહ વેળાએ કમિશનર સંક્રમિત થયા હોવાનું મનાઈ રહ્યું છે. ગાંધીનગર મનપાના ઘણા અધિકારીઓ અને કર્મચારીઓ ક્વોરોન્ટાઈન થઈ રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના બે હજારથી વધુ કેસ નોંધાઈ ચુક્યા છે. શહેરમાં ૬૫૦ થી વધુ કેસો નોંધાયા છે. જો કે શહેરની વસ્તીના પ્રમાણમાં આ કેસોની સંખ્યા ઘણી વધારે છે એટલુ જ નહિ શહેરમાં હાલ ૨૫૦ થી પણ વધુ કન્ટેનમેન્ટ ઝોનના વિસ્તારો આવેલા છે.

ગાંધીનગરમાં કમિશનર ઉપરાંત બોર્ડ નિગમ તેમજ સ્વર્ણિમ સંકુલમાં પણ સનદી અધિકારી સહિતના ઘણા અધિકારીઓ સંક્રમિત થયા છે. શહેરમાં વધતા જતા સંક્રમણને લઈ તંત્ર દ્વારા હવે આકરા પગલાં લેવામાં આવે તેમ સૌ કોઈ ઈચ્છી રહ્યું છે.

મ્યુનિ. કમિશનરનો રિપોર્ટ પોઝીટીવ આવતાં હવે પદાધિકારીઓને પણ ક્વોરોન્ટાઈન થવુ પડશે. મ્યુનિ. કમિશનર ગુડાના પણ ચેરમેન તરીકેનો ચાર્જ ધરાવે છે અને ત્યાં પણ અધિકારીઓ સંક્રમિત થયા છે.

ગાંધીનગર શહેરનું વી.આઈ.પી. ગણાતુ સેક્ટર-૧૯માં કોરનાના કેસો જે વધી રહ્યા હતા તેનાથી તંત્ર ચિંતીત હતુ જ તે નોંધનીય છે.

મહાવીર જન્મ જયંતિ - પાવન પર્યુષણ પર્વના પાંચમાં દિવસે મહાવીર જન્મ જયંતિની ઉજવણી કરાય છે... આ ઉજવણીમાં કોરોના ગ્રહણને પગલે શ્રાવકો વગર દેરાસર અને મહાવીર સ્વામીની મૂર્તિની સજાવટ કરાઈ હતી... જૈન પરિવારોએ પોતપોતાના ઘરે મહાવીર સ્વામીના જન્મકલ્યાણ સંદેશનું વાંચન કર્યું હતું... સાદગીથી અને ભાવપૂર્વક મહાવીર જયંતિની ઉજવણી શહેરમાં કરાઈ હતી...

# શહેરમાં કોરોનાના ૧૦ કેસ નોંધાયા

**સે. ૨૪ માં વૃદ્ધ દંપત્તિ, એક હોમીયોપેથીના મહિલા તબીબ, જી.ટી.પી.એલ.નો તકનીકી કર્મચારી પણ કોરોનાગ્રસ્ત, સે. ૪ માં બે કેસ, સે. ૨૪ માં બે, સે. ૩, સે. ૭, સે. ૨, જી.ઈ.બી. છાપરા અને સે. ૧૯ માંથી એક કેસ મળી આવ્યો**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૬૬૭ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા રોકેટ ગતિએ વધી રહી છે. શહેરમાં જે રીતે કેસો વધી રહ્યા છે તે જોતાં શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશનનો ભરડો વધી રહ્યાનું મનાઈ રહ્યું છે.

નવા સેક્ટરોમાંથી જે રીતે કેસોની સંખ્યા આવી રહી છે તેને લઈ તંત્રની ચિંતા પણ વધી છે. શહેરમાં વડીલ દર્દીઓ અને મહિલા દર્દીઓની પણ સંખ્યા વધી રહી છે. શહેરી વિસ્તારમાં તંત્રએ ટેસ્ટીંગની સંખ્યામાં પણ સારો એવો વધારો કર્યો છે. આ ઉપરાંત ધન્વન્તરી રથ દ્વારા પણ લોકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ દર્દી મોટી વય ધરાવતા મળી આવ્યા છે. તંત્રએ આજે પણ વધુ એકવાર જનતાને અપીલ કરતાં જણાવ્યું છે કે અનિવાર્ય ના હોય તો મોટી વય ધરાવતા લોકો ઘરની બહાર ન નીકળે અને જનતા પણ કોરોના સામે સતર્ક અને સાવચેત રહે.

આજે એક હોમીયોપેથીક તબીબ, જી.ટી.પી.એલ.નો કર્મયોગી તેમજ ખાનગી કંપનીમાં નોકરી કરતો કર્મચારી સહિતના પાંચ વડીલો કોરોનાની ઝપટમાં આવ્યા છે. આજે પાંચ મહિલા દર્દી પણ નોંધાયા છે.

આજે સે. ૨૩ માં એક, સે. ૪ માં બે, સે. ૨૪ માં બે કેસ ઉપરાંત સે. ૩, સે. ૭, જી.ઈ.બી. છાપરા, સે. ૨ તેમજ સે. ૧૯ માંથી એક કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૩ માંથી એક ૬૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રે મહિલાના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨ માંથી એક મહિલા જે હોમીયોપેથીક તબીબ છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૦ વર્ષીય આ તબીબે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તબીબના પરિવારના પાંચ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩-એ માંથી એક ૫૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૭ માંથી એક ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ આ વૃદ્ધના પરિવારના ૬ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૪ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૪-સી માંથી એક ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ વૃદ્ધના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ખાનગી નોકરી કરતા અને સે. ૪-એ માં રહેતા એક ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ યુવાનના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માં પણ બે કેસ નોંધાયા છે. સે. ૨૪ માં એક ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ મહિલાના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માં ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે અને તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ વૃદ્ધના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ બન્ને પતિ-પત્ની હોવાનુ જાણવા મળેલ છે. તંત્રએ આ વૃદ્ધ દંપત્તિ કેવી રીતે સંક્રમિત થયુ તેને લઈ વિગતો એકત્ર કરવાની કામગીરી હાથ ધરી છે.

સે. ૧૯ માં રહેતા અને સરકારી નોકરી કરતા એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના પાંચ સભ્યોને પણ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત જી.ઈ.બી. છાપરામાં રહેતો અને જી.ટી.પી.એલ.માં તકનીકી બ્રાન્ચમાં નોકરી કરતો એક ૨૮

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં માર્ગોનુ ધોવાણ વરસાદી દિવસો બાદ સર્વે હાથ ધરાશે

**વરસાદના લીધે માર્ગો પર ઉડતી કાંકરીઓના લીધે વાહનચાલકો પરેશાન**

**સેકટરોના આંતરિક માર્ગો પર સમસ્યાને અનુલક્ષી સફાઇ કરવા માંગ**

ગાંધીનગર તા ૧૯

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગોનુ ધોવાણ થયુ છે. સેકટરોમાં હાલ ગંદકી બંધ સ્ટ્રીટ લાઇટો , મોટામસ ગાબડા સહીત માર્ગો પર ઉડતી ડામરની કાંકરીઓ પણ વાહનચાલકો માટે પરેશાનીનુ કારણ બની છે. વરસાદી દિવસામાં માર્ગ સુધારણાની કામગીરી બંધ છે જયારે ચોમાસા બાદ માર્ગોની સુધારણા માટે સર્વેના અંતે કામ હાથ ધરાશે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગો , ફુટપાથ અને કોમન પ્લોટની દશા બેઠી છે. અલબત્ત સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન પાંગરતી દુવિધાઓ વચ્ચે સેકટરવાસીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. એકબાજુ સ્ટોર્મ વોટર લાઇનની આડેધડ ખોદકામીગીરીના લીધે નગરજનો ગમે ત્યારે માર્ગ અકસ્માતનો ભોગ બને તેવી સ્થિતિ છે. એકબાજુ બેફામ ખોદકામગીરીના લીધે ભયજનક સ્થિતિ સર્જાઇ છે. જયારે મુખ્યમાર્ગો આસપાસની ફુટપાથ પણ ખોતરી નાંખી હોવાથી વોક વે પર ગાબડા પડયા છે. આવા સંજોગોમા ંવરસાદી દિવસોમાં નગરના માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. સેકટરાના આંતરિક માર્ગો પર દિવસ દરમિયાન વરાપ નિકળતા માર્ગો પરથી ઉડતી ડામરની કાંકરીઓના લીધે વાહનચાલકો પરેશાન થઇ રહ્યા છે. માર્ગોની સફાઇ પણ અનિવાર્ય બની છે. જુના સેકટરોમાં પણ ઘણાં ખરા માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર પણ કેટલાક ઠેકાણે આવી સ્થિતિ જોવા મળે છે. શહેરમાં ફુટપાથ પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ટાઇલ્સો તુટીને ઉખડેલી હાલતમાં છે. ત્યારે વોક વે પર ચાલવુ પણ જોખમી બને તેમ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૬ કેસ

**કલોલની મહિલાનું સારવાર દરમ્યાન મોત : ગાંધીનગરમાં ૪ કેસ, માણસામાં ૪ કેસ અને કલોલમાં ૮ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૧૬ કેસ નોંધાયા છે. આજે સારવાર દરમ્યાન વધુ એક મહિલા દર્દીનું મોત થયુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુઆંક વધી રહ્યો છે જો કે તંત્ર આ મુદ્દે સંપૂર્ણ મૌન રાખી રહ્યું છે. આજે સારવાર દરમ્યાન કલોલની એક ૬૦ વર્ષીય મહિલાનું મોત થયુ છે. આ મહિલા દર્દીના મોત સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમ્યાન મોત પામનારાઓની સંખ્યા વધીને ૯૩ પર પહોંચી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો નોંધાઈ રહ્યા છે તે ખુબ જ ચિંતાજનક છે. આજે ગાંધીનગર તાલુકામાં કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે જ્યારે કલોલમાં કોરોનાનો કહેર આજે ફરીથી જોવા મળ્યો હતો.

તંત્ર દ્વારા સેમ્પલીંગ કરવામાં આવે છે તેવી વાતો કરે છે અને ૩૦૦થી વધુ શંકાસ્પદ દર્દીઓના ટેસ્ટ કરાયાનું જણાવે છે પરંતુ તેમાંથી કેટલા પોઝીટીવ આવ્યા તે અંગે મૌન સેવવામાં આવ્યા છે. જિલ્લાતંત્ર દ્વારા કેટલા દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ છે અને કેટલા કન્ટેનમેન્ટ ઝોન છે તે અંગે પણ મૌન સેવવામાં આવી રહ્યુ હોવાથી જિલ્લાનું સાચુ ચિત્ર શુ છે તે જ બહાર આવતુ નથી.

જિલ્લામાં આજે જે ૧૬ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૪ કેસ, માણસામાં ૪ કેસ અને કલોલમાં ૮ કેસનો સમાવેશ થાય છે.

માણસામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે તો કોરોનાના કેસો કલોલમાંથી જે રીતે મળી રહ્યા છે તેથી એવુ મનાઈ રહ્યુ છે કે કલોલમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થઈ ચુક્યુ છે.

ગાંધીનગર તાલુકાના કોટેશ્વર ગામેથી એક ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ભાટ ગામેથી એક ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તાલુકાના હોટસ્પોટ ગણાતા કુડાસણ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક મહિલા દર્દી અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. કુડાસણમાંથી એક ૩૮ વર્ષીય મહિલા અને ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાંથી આજે વધુ ૪ કેસ મળી આવ્યા છે. જે પૈકી ૩ કેસ ગ્રામ્ય વિસ્તારના છે અને એક કેસ માણસા અર્બન વિસ્તારમાંથી મળ્યો છે. તંત્રએ માણસા તાલુકામાં સર્વેલન્સની કામગીરી સઘન કરવા માટેની સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના ચરાડા ગામેથી ૪૦ વર્ષીય પુરૂષ, રાજપુરામાંથી એક ૫૬ વર્ષીય પુરૂષ તેમજ સમૌ ગામેથી એક ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા અર્બન વિસ્તારમાંથી પણ એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાંથી આજે ૮ કેસ મળી આવ્યા છે. જેમાં ૪ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૪ કલોલ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

કલોલ તાલુકામાંથી આજે મળેલા ૮ કેસમાં ૪ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે કલોલના બોરીસણા ગામેથી ૮૩ વર્ષીય મહિલા, છત્રાલમાંથી ૫૬ વર્ષીય મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

કલોલ તાલુકાના લિંબોદ્રા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક વીસ વર્ષના યુવાન તેમજ ૪૫ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી આજે એક કેસ મળેલ છે. ૬૦ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી આજે ૩ કેસ મળ્યા છે. જેમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે. અર્બન-૧ માંથી ૪૫ વર્ષીય મહિલા, ૬૦ વર્ષીય મહિલા ઉપરાંત એક ૩૫ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ ઘણો જ સારો છે. જિલ્લામાં આજે ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧૯૯ દર્દીઓ રિકવર થઈ ચુક્યા છે.

જિલ્લામાં આજે ૧૪૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૭,૪૧૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

# શહેરમાં રખડતા ઢોરની સમસ્યા વધુ પેચીદી બની : માર્ગ સલામતી જોખમાઈ

**સેકટરોના રીંગ રોડ તેમજ મુખ્યમાર્ગો પર વચાળે જ ઢોરનો અડ્ડો : સેકટરવાસીઓ અને વાહનચાલકો પરેશાન**

ગાંધીનગર તા ૧૯

વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં દુવિધાઓના ઢગ ખડકાયા છે. સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઇટો , ઉબડ ખાબડ માર્ગો તેમજ માર્ગો આસપાસ ખોદકામગીરીના લીધે ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. જયારે વરસાદી દિવસો દરમિયાન ઠેર ઠેર બિનજરૂરી ઘાસ તેમજ વનસ્પિત ઉગી નિકળી હોવાથી મચ્છર તેમજ જીવાતનો ઉપદ્રવ પણ વધી ગયો છે. આવા સંજોગોમાં સેકટરવાસીઓને ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવે છે. આ ઉપરાંત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા ઢોરની સમસ્યા પણ વકરી છે. રખડતા ઢોરની સમસ્યા દાયકાઓના અંતે પણ ઉકેલી શકાઇ નથી અલબત્ત કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ રખડતા ઢોરને કેદ કરવા માટે હજુ અસરકારક વ્યવસ્થા ગોઠવાઈ શકી નથી. રખડતા ઢોરની સમસ્યા શહેરમાં દાયકાઓ જુની છે. પરંતુ રખડતા ઢોરને પાંજરામાં પકડવા માટે અગાઉ જે વ્યવસ્થા કરવામાં આવી હતી તેમાં પણ પારદર્શકતા ન જળવાતા કોર્પોરેશન દ્વારા ઢોર પકડવાની વ્યવસ્થા નવેસરથી ગોઠવવામાં આવી છે. પરંતુ

હજુ સુધી આ કામગીરી યોગ્ય રીતે થઈ શકતી નથી. વરસાદી ઋતુમાં સેકટરોમાં રીંગ રોડ તેમજ નગરના મુખ્યમાર્ગો પર નજર નાંખો ત્યાં રખડતા ઢોર અડ્ડો જમાવીને બેસે છે. જેના લીધે માર્ગો પર દોડતા વાહનો સામે પણ ખતરો મંડરાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## શ્રદ્ધાંજલિ

અમારા માતૃશ્રી મંજુલાબેન સી. સોલંકીએ તા. ૧૯/૮/૨૦૨૦, બુધવારના રોજ દેહત્યાગ કરેલ છે. તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**બ્રહ્માકુમારી હંસાબેન**
**(મો. નં. ૯૦૯૯૭૫૬૯૬૪)**
**વિજયસિંહ સી. સોલંકી**
**ચંદ્રસિંહ સોલંકી**

કોરોના મહામારીના કારણે સદ્‌ગતનું બેસણું તથા તમામ લૌકિક ક્રિયાઓ મોકુફ રાખેલ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# ગણેશ ચતુર્થી સુધી ગાજવીજ સાથે વધુ વરસાદી ઝાપટાં વરસશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં ચોમાસાના નબળા પ્રારંભ પછી હવે ઓગષ્ટ માસમાં સારો વરસાદ વરસી રહ્યો છે. હજુ આગામી દિવસોમાં ગાજવીજ સાથે વધુ વરસાદી ઝાપટાં વરસશે તેવી શક્યતા જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે કરી છે.

અંબાલાલ પટેલના જણાવ્યાં મુજબ "હમણાં જુલાઈ માસમાં ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદ ઓછો થવામાં હતો પરંતુ ઓગષ્ટ માસમાં સારો વરસાદ થતાં વરસાદી ઘટ ઘણી પુરી થવામાં છે. વરસાદ અંગે હજુ પણ જોતાં બંગાળના ઉપસાગરનુ વહન સક્રિય થતાં ઉત્તર-મધ્ય ગુજરાત સહિત રાજયના ઘણા ભાગોમાં વરસાદ થાય. તા. ૨૧ સુધીમાં ગાજવીજ સાથે ઘણા ભાગોમાં વરસાદ થવાની શક્યતા રહે પરંતુ હવે ધીરે ધીરે વરસાદી ઝાપટાં પડતાં હોવાથી કોઈ ભાગમાં ભારે ઝાપટાં તો કોઈ ભાગમાં ગાજવીજ સાથે ઓછા વરસાદી ઝાપટા પડે. દિવસે તડકો રહે અને ગાજવીજ સાથે તડકા બાદ વરસાદ થવાની શક્યતા રહે. તા. ૨૪ અને ૨૫ માં પણ વરસાદી વહન સક્રિય થતાં ઉત્તર-મધ્ય ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદી ઝાપટાં પડે. ગણેશ ચતુર્થીના આસપાસના દિવસોથી ભાદરવી પૂનમ પછીના આસપાસના દિવસોમાં પણ વરસાદની શક્યતા રહે. મઘા નક્ષત્રનું પાણી ઉભા કૃષિ પાકો માટે સારૂ રહે. ૨૮ અને ૨૯ ઓગષ્ટે વરસાદી ઝાપટાં પડે જ્યારે ૩૦ મી ઓગષ્ટથી ભારે વરસાદી વહન આવતાં રાજસ્થાનના ભાગો, ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં ભારે વરસાદી ઝાપટાં પડે. પરંતુ પૂર્વા ફાલ્ગુની નક્ષત્રનું આ પાણી ઉભા કૃષિ પાકો માટે સારૂ ગણાતુ નથી. એટલે ભીની જમીનમાં કૃષિ કાર્યો કરવા સારા નહિ. વરાપ થયેથી કૃષિ કાર્યો કરવા સારા. સપ્ટેમ્બર તા. ૪ માં દરિયા કિનારે ભારે પવન ફુંકાય. ૭મી સપ્ટેમ્બરથી ૧૨ સપ્ટેમ્બરમાં પણ વરસાદી ઝાપટાં પડે. મઘા નક્ષત્રમાં માખી અને પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં મચ્છરનો ઉપદ્રવ વધે. તા. ૧૬ સપ્ટેમ્બર પછી સર્પનો ઉપદ્રવ જણાય અને ઝેરી જીવજંતુની દાઢ વધે. આ વખતે અધિક માસમાં ગરમીનું પ્રમાણ વધુ રહે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com